# જાહેર હરાજી

**હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ)ના રંભાસફાર્મ ખાતે બંધ હાલતમાં પડેલ ફોર્ડ ટ્રેકટર અને જનતા ટ્રેકટર ટ્રેઈલરની જાહેર હરાજી અંગે નોટીસ :**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ હસ્તકના રંભાસ ફાર્મ ખાતે નીચેની વિગતે બંધ હાલતમાં પડેલ ટ્રેકટર અને ટ્રેઈલરની હરાજી તા.૧૦/૬/૨૦૧૪ ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા સબંધીત ઈસમોને હરાજીના દિવસે જણાવેલ સ્થળે હરાજીમાં ભાગ લેવા હાજર રહેવા વિનંતી. જાહેર હરાજી સામેલ શરતોને આધિન કરવામાં આવશે.

| અ.નં. | વાહનની વિગત | વાહનનું નામ | ખરીદીનું વર્ષ | વપરાશ |
|---|---|---|---|---|
| ૧ | ફોર્ડ ટ્રેકટર | જીટીએન ૮૮૬૭ | ૧૯૭૭ | ૪૪૭૫ કલાક |
| ૨ | જનતા ટ્રેકટર ટ્રેઈલર | જીટીઓ ૮૮૧૭ | ૧૯૭૮ | – |

**જાહેર હરાજીની શરતો :–**

(૧) હરાજીમાં ભાગ લેનાર ઈસમે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ટ્રેકટર માટે અને રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ટ્રેકટર ટ્રેઈલર માટે અલગથી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.

(૨) ટ્રેકટર અને ટ્રેઈલર માટે ડીપોઝીટ જમા કરાવ્યા બાદ જ જે તે ઈસમ **'બોલી'** બોલી શકશે.

(૩) જાહેર હરાજીના દિવસે સ્થળ ઉપર ટ્રેકટર અને ટ્રેઈલર જોવા મળશે જે જોઈ તપાસીને હરાજીમા ભાગ લેનાર ઈસમોને બોલી બોલવાની રહેશે. પાછળથી કોઈપણ જાતની રજુઆત સાંભળવામાં આવશે નહી.

(૪) હરાજીમાં જે ઈસમ વધુ રકમથી માંગણી કરશે તેમની બોલી મંજુર કરવામાં આવશે. આમ છતાં હરાજી મંજુર રાખવી કે કેમ તે અંગેનો આખરી નિર્ણય યુનિવર્સિટીએ નિયુકત કરેલ કમિટીનો રહેશે અને જે હરાજીમાં ભાગ લેનાર ઈસમોને માન્ય અને બંધનકર્તા રહેશે.

(૫) જે ઈસમની જે તે સાધનની માંગણી મંજુર થઈ હશે તેમણે હરાજીમાં રાખેલ વાહનો પોતાના ખર્ચે અને જોખમે પુરેપુરા નાણાં ભરીને કમિટી સૂચવે તે તારીખ સુધીમાં લઈ જવાની રહેશે.

(૬) હરાજીમાં વાહન વેચાણ લેનાર સરકારી નિયમ પ્રમાણે વીમો, રોડટેક્ષ, સેલટેક્ષ, વેટ તથા અન્ય જરૂરી કાગળોની કાર્યવાહી પોતાની હિસાબે અને જોખમે કરવાની રહેશે. તથા રજીસ્ટ્રેશનની કાર્યવાહી આપની કક્ષાએ કરાવ્યા બાદ જ વાહનની ડીલીવરી આપવામાં આવશે.

(૭) હરાજી દરમ્યાન હરાજીમાં ભાગ લેનાર ઈસમો અને કમિટીના સભ્યો સાથે મુદા પર વાદ–વિવાદ ઉભો થાય તો તે સમયે કમિટીના સભ્યોને નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૮) રસ ધરાવતો ઈસમ પુખ્ત વયનો હોવા જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

(૯) હરાજી સમયે જેણે વધુ બોલીથી વાહન વેચાણે રાખ્યુ હોય તે બીજી કોઈપણ ઈસમને હરાજીથી વેચાણ રાખેલ સાધન આપી શકશે નહીં.

(૧૦) હરાજીમાં ભાગ લેનાર ઈસમો હરાજીના વિવાદ અંગે કોર્ટ કચેરીનો આશરો લઈ શકશે નહી. મુદા નં.૩ અનુસાર બંધનકર્તા રહેશે.

(૧૧) રસ ધરાવતાં ઈસમોને ટ્રેકટર અને ટ્રેઈલર કચેરી સમય દરમ્યાન રંભાસફાર્મ ખાતે જે તે હાલતમાં જોવા મળશે.

(૧૨) વાહનો પોતના ખર્ચે અને જોખમે લઈ જવાનું રહેશે અને સમયસર લઈ જવામાં ન આવે તો તેની જવાબદારી સબંધીત ઈસમની રહેશે.

(૧૩) હરાજી કરેલ સાધનો લઈ જતા સમયે ફાર્મ/અન્ય યુનિવર્સિટસની પ્રોપર્ટીને કોઈ પણ જાતનું નુકશાન થશે તો તેની વસુલાત ઈજારદાર પાસેથી કરવામાં આવશે.

(૧૪) નિયમોનુસાર ટી.ડી.એસ. ની કપાત કરવામાં આવશે.

સંશોધન વૈજ્ઞાનિક(હ.ધા.)
હ.ધા.સં.કે.,ન.કૃ.યુ.,વઘઈ(ડાંગ)

# <u>હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ)</u>

## ફોર્ડ ટ્રેકટર અને જનતા ટ્રેકટર ટ્રેઈલરની જાહેર હરાજીની નોટીસ

હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ) હસ્તકનું નીચે મુજબનું ફોર્ડ ટ્રેકટર (૧) અને જનતા ટ્રેકટર ટ્રેઈલર (૧) ની જાહેર હરાજી **<u>તા.૧૦/૬/૨૦૧૪ ને મંગળવાર ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકે</u>** નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. સદરહું વાહન જાહેર રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન **રંભાસ ફાર્મ** ખાતે જોવા મળશે. હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. તો માંગણી કરવા ઈચ્છતા ઈસમોએ ડીપોઝીટની રકમ નીચે જણાવેલ વિગતે મોડામાં મોડી હરાજીના સમય કરતાં **<u>એક કલાક</u>** પહેલા કચેરી ખાતે રોકડમાં જમા કર્યાથી જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે.

| અ.નં | વાહનનું નામ | ડિપોઝીટની રકમ | હરાજીનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ફોર્ડ ટ્રેકટર<br>જીટીએન–૮૮૬૭ | ૧૦,૦૦૦/– | રંભાસ ફાર્મ,<br>(વઘઈ–સાપુતારા રોડ)<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>વઘઈ, જી.ડાંગ |
| ૨ | જનતા ટ્રેકટર ટ્રેઈલર<br>જીટીઓ – ૮૮૧૭ | ૫,૦૦૦/– | |

સંશોધન વૈજ્ઞાનિક (હ.ધા.)
હ.ધા.સં.કે.,ન.કૃ.યુ.,વઘઈ (ડાંગ)